सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ ઓગસ્ટ ૨૦૦૯ અંક-૧

## વાલીઓને....

કેન્દ્રના મંત્રીશ્રી કપિલ સીબ્બલે થોડા સમય અગાઉ શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે વિચારણાની ભૂમિકા તરીકે કેટલીક જાહેરાતો કરી હતી અને શિક્ષણમાં રસ લેતા સૌને તે અંગે વિચારવા જણાવ્યું હતું. આમાં મુખ્ય તો ધો.૧૦ ની જાહેર પરીક્ષા નાબૂદ કરવી, પરીક્ષામાં ગુણને બદલે ગ્રેડ આપવા, વગેરે મુદ્દાઓ જણાવ્યા હતા. આજનો વિદ્યાર્થી પરીક્ષાના હાઉને લીધે જે તાણ અનુભવે છે તે દૂર કરવાનો હેતુ છે.

આજે શિક્ષણમાં જે પધ્ધતિ ચાલે છે (૧૦+૨) તે સાડાત્રણ દાયકા અગાઉ શરૂ કરવામાં આવી તેના ઉદ્દેશો એ હતા કે કોલેજોમાં જતા વિદ્યાર્થીઓનો ધસારો ઓછો કરવો અને જીવનમાં રોજગારી માટે તાલીમ મળી રહે તેવા વ્યવસાયમાં જવા ઈચ્છનારને માટે આ પ્રકારના વ્યવસાયલક્ષી આયોજન કરવામાં આવે. આ માટે અનેક વ્યવસાયો અંગે જાહેરાત કરવામાં આવી હતી પરંતુ આ હેતુ બિલકુલ નિષ્ફળ ગયો છે અને ઉલ્ટું આજે તો કોલેજમાં ધસારો વિપુલ પ્રમાણમાં વધ્યો છે.બેકારો વધતા જાય છે.ગોખણપટ્ટી અને ટ્યુશનોનું સામ્રાજ્ય છે.

વિદ્યાર્થીએ દસમા ધોરણની જાહેર પરીક્ષા આપવાની હોઈ વિદ્યાર્થી જ્યારે આઠમા ધોરણમાં આવે ત્યારથી વાલીઓ જાહેર પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની પ્રવૃત્તિ કરતા શરૂ થઈ જાય છે. શ્રેણી ૮ ના વિદ્યાર્થીઓના ઉંમર લગભગ ૧૩-૧૪ વર્ષની હોય ત્યારથી જ તેને તનાવયુક્ત શિક્ષણનો ભાર સહન કરવો પડે છે. આ ઉંમરે તો વ્યક્તિના સંપૂર્ણ વિકાસ માટે મુક્ત સ્વતંત્રતા હોવી જોઈએ, તેના સ્થાને વિદ્યાર્થીઓને જરૂરી તેવા અનેક "એક્સ્પોઝર"થી તે વંચિત થઈ જાય છે. અને તેના જીવનમાં આ મહત્વના વર્ષો ગોખણપટ્ટી અને પરીક્ષાની દોડાદોડીમાં વીતે છે. આથી શ્રેણી ૧૦ની પરીક્ષા રદ કરવાના અને તેને સ્વૈચ્છિક બનાવવાના વિચારને સારો પ્રતિસાદ મળ્યો છે. કેન્દ્રમાંથી આ સૂચન આવતું હોવા છતાં ગુજરાતે તો આ અંગે અગાઉ પણ વિચારણા કરી હતી અને તેને સકારાત્મક પ્રતિભાવ ગુજરાત તરફથી સાંપડયો છે.

આમ કરવાથી આજે શ્રેણી ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં જે લાખો વિદ્યાર્થીઓ બેસે છે તેમાંથી શ્રેણી ૧૦ના વિદ્યાર્થીઓના વિકલ્પને કારણે શ્રેણી ૧૨ની સંખ્યા વ્યવસ્થાપન કરી શકીએ તેટલી ઓછી બનશે અને શ્રેણી ૧૨ના વિદ્યાર્થીઓને ન્યાય મળવાની તક ઊભી થશે. આજે ચકાસણીનું કામ પણ મોટી સંખ્યાને કારણે ન્યાય આપી શકાય તેવું બનતું નથી. તે આપણો અનુભવ છે. એટલે આ સંખ્યા ઘટતા શિક્ષકો પરીક્ષાર્થીને ન્યાય આપી શકશે તેવી આશા ઉભી થાય છે. વહેલી તકે આ આયોજન કરવામાં આવે તેવી અપેક્ષા છે.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

શારદામંદિરમાં વચ્ચેના ધોરણોમાં પ્રવેશ મળવાની શકયતા નહીવત્ હોય છે. તે સંજોગોમાં એક ભાઈ એક દિવસ સી.એન.ના તે સમયના નિયામકશ્રી આનંદજીવાલાની ચિઠ્ઠી લઈને આવ્યા, જેમાં શ્રી આનંદજીવાલાએ જણાવ્યું હતું કે આવેલા ભાઈ બહેરા અને મૂંગા છે. તેમના પત્ની પણ બહેરા અને મૂંગા છે અને બંને સાંકેતિક ભાષામાં વાત કરતા હોય છે. જે તેમના બાળકો જુએ છે. અને તેમના બાળકો પણ સાંકેતિક ભાષામાં વાત કરતા થયા છે. આ સંજોગોમાં આપને ત્યાં આ બાળકોને જો પ્રવેશ આપો તો સામાન્ય બાળકો સાથે મળતા થઈ તેઓ બોલી ચાલીને વાત કરતા થઈ જાય. વિશિષ્ટ પ્રકારની જરૂરીયાત હોઈ તે બંને બાળકોને પ્રવેશ આપ્યો.

છ મહિના પછી એક બહેન મારી પાસે આવ્યા, તેમણે મને જણાવ્યું કે હું આપને મુકબધિર માતાપિતાના બાળકને અપવાદરૂપ દાખલ કર્યા છે તેમના વિશે વાત કરવા આવી છું. મેં તેમને કહ્યું કે તે બંને બાળકો અહીં વ્યવસ્થિત થયા હોય તેવું મને લાગે છે. ત્યારે તેમણે મને જણાવ્યું કે મુશ્કેલી એ નથી પરંતુ આ બંને બાળકો રીસેસમાં અન્ય બાળકોથી છૂટા પડીને પરસ્પર સાંકેતિક ભાષામાં વાતો કરે છે, તેવું તેમના માબાપ જણાવે છે. એટલે એ બાળકોને તેમના મિત્રો સાથે મૂકીને તેમને દાખલ કરવા પાછળ તેમનો જે હેતુ છે તે સચવાય એટલા માટે હું આપને જણાવું છું.

એ બેન સાથે વાતચીત કરતા તેમણે મને જણાવ્યું કે હું મુંબઈથી આવી છું. અને ખાસ આ કામ માટે જ આવી છું. મારા માતાપિતા પણ મૂક અને બધિર છે. અમે બંને ભાઈબહેન વચ્ચે પણ આવું જ બનતું હતું. અને અમારા માતાપિતાએ તે શાળામાં આ અંગે જાણ કરતા શાળાએ ઉપાય લીધા અને અમને અન્ય બાળકો સાથે બોલતા કર્યા.

મેં તેમને જણાવ્યું કે આ અંગે હું પણ ખાસ વ્યવસ્થા ગોઠવી આ બાળકોની અન્ય બાળકો સાથે ગોઠવણ કરીશ. ત્યારબાદ આ બંને બાળકો અન્ય બાળકો સાથે વાતચીત કરતા થયા અને ત્રણ ચાર વર્ષ પછી તેમના માબાપે આ અંગે આનંદ વ્યક્ત કર્યો.

દિનુભાઈ દવે

★★★

શિક્ષણ સ્પેશીયલાઈઝેશનના નામે વધુ ને વધુ સંકુચિત થઈ રહ્યું છે. એક્સ્પર્ટાઈઝેશનના નામે મોટી ખાઈઓ ખોદાઈ રહી છે અને વાડાબંધી થઈ રહી છે. અભ્યાસક્રમ બહારના સવાલોની અવહેલના કરવામાં આવે છે, જેથી બાળકોની સર્જનાત્મકશક્તિ કુંઠીત બને છે. અભ્યાસક્રમની વાડાબંધી ખરેખર એક પ્રકારની હિંસા છે. સંસ્થાઓમાં સંગીત જેવા વિષયને કોઈ સ્થાન અપાતું નથી.

( જાણીતા શિક્ષણવિદ પ્રો.યશપાલના તાજેતરના પ્રવચનમાંથી)

## શિક્ષણ - શાને માટે ? પરીક્ષાના માર્કસ માટે કે જ્ઞાન માટે ?

'અરે ! આ શું ? કેમ આટલા બધાં છોકરાંઓ એક સામટા મારી ઓફિસમાં આવી ગયાં છો ? કંઈ થયું કે શું ? શાની ધમાલ છે આ બધી ?'

'બેન ! અમારે બધાંને સંગીતની ચોપડી જોઈએ છે...'

'સંગીતની ચોપડી ? એ વળી કઈ ? કેમ આજે એકદમ ? હવે તો વર્ષ પૂરુ થવા આવ્યું. અત્યારે એકદમ ચોપડી ખરીદવા કેમ આવ્યાં છો ? આખું વર્ષ ગીતો એમને એમ જ ગાયા કર્યા ને હવે છેક છેલ્લે ચોપડી ખરીદવા આવ્યાં ? આવું તે કંઈ થતું હશે ?..'

'પણ બેન ! અમને સંગીતના સાહેબે કાલે જ કહ્યું કે હવે તમારી સંગીતની પરીક્ષા લેવાની છે. એમાં તમને એ ચોપડીમાંથી ગીત પૂછીશું, એટલે ચોપડી તો જોઈએ જ ને !'

'તે આખું વર્ષ તમે એમાંથી જ તો ગીતો ગાતાં હતાં ને ! એ જ રીતે પરીક્ષામાં ગાઈ કાઢવાનું. એને માટે કંઈ ખાસ ચોપડી ખરીદીને ઓછું જ ગીત ગોખવા બેસવાનું હોય ! આખું વર્ષ ગીત ગાયાં હોય એટલે યાદ તો રહી જ ગયાં હોય ને ! કંઈ આમ પરીક્ષા માટે છેલ્લી વખતે ગોખવા બેસવાનું ઓછું જ હોય !'

'બેન ! પણ એમ કંઈ બધું ઓછું જ યાદ રહે ! પરીક્ષાની તૈયારી માટે તો ચોપડીમાંથી જ ગોખવું પડે ને ! મમ્મીએ મને પૈસા આપ્યાં છે ને કહ્યું છે કે આજે તો ચોપડી લેતી જ આવજે.' છોકરાંઓનાં મોં પરનો ઉચાટ જોઈને મને પણ આશ્ચર્ય થયું કે માત્ર પરીક્ષાનું નામ જ બાળકો અને માબાપોને કેટલા બધા વ્યથિત કરી નાખે છે !

આપણું બાળક નાનું હોય અને બાલમંદિરમાં જતું થાય એટલે શરૂઆતમાં તો આપણે ખૂબ રસપૂર્વક એણે શું કર્યું, કઈ વાર્તા સાંભળી, કયા ગીતો ગાયા, શું પ્રવૃત્તિ કરી, કયા મિત્રો સાથે દોસ્તી કરી એ બધી જ બાબતોમાં ખૂબ રસ લઈએ છીએ, પણ એ જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ એ બધો રસ લેવાનું ઓછું થતું જાય છે ને માત્ર પરીક્ષાનાં માર્કસ્ કેવી રીતે વધારે આવે તે તરફ જ આપણું ધ્યાન કેન્દ્રિત થઈ જાય છે. પછી તો બાળક ઘેર આવે એટલે 'શું લેસન આપ્યું છે ? ચાલ જલ્દી લેસન કરી નાંખ.' એટલો જ રસ આપણે લઈએ છીએ. ઘેર આવીને બાળક મસ્તીથી બે ચાર ગીતો ગાતું હોય કે ગણગણતું હોય એ સાંભળવાનો ય રસ આપણે લઈએ છીએ ખરાં ! છોકરાંઓની મસ્તીને પહેચાનવાની દ્રષ્ટિ કે શક્તિ આપણામાં છે ખરી ! એ જો હોય તો તો પેલી બાલગીતોની ચોપડી વર્ષની શરૂઆતમાં જ ખરીદાઈ ગઈ હોય ને ! પરીક્ષા માટે થઈને તે ઓછી ખરીદવાની હોય ! છોકરાંઓ એ લેવા ઉમટયા ત્યારે મને તો જાણે એવું લાગ્યું કે પરીક્ષા વખતે અપેક્ષિત લેવા ન નીકળ્યાં હોય ! આપણાં સૌના મગજમાં એવું પેસી ગયું છે કે છોકરાંઓને જે કંઈ કરાવીએ તે માત્ર ને માત્ર પરીક્ષાનાં માર્કસ્ માટે જ કરાવવાનું, બાકી તો ઠીક છે, બધું જેમ ચાલે છે તેમ ચાલ્યાં કરે, છોકરાંઓને કેટલું જ્ઞાન મળ્યું તે મહત્વનું નથી, તે કેટલા માર્કસ્ લઈને આવે છે તે મહત્વનું છે. જેનાથી સમાજમાં મોભો અને પ્રતિષ્ઠા મળે. આપણાં બાળકને શામાં રસ છે, તેને શું ગમે છે. તેનામાં કઈ શક્તિ પડેલી છે એ કશી જ ચિંતા આપણે કરીએ છીએ ખરાં ! એની અભિરૂચિનો આપણે વિચાર સુધ્ધાં કરીએ છીએ ખરાં ! દરેક માનું એક જ સ્વપ્ન હોય છે કે 'મારું સંતાન ટોપર બનવું જોઈએ, યેન કેન પ્રકારેન, એને સૌથી વધુ માર્કસ્ આવવા જોઈએ. પછી ભલે ને એનું બાળપણ છિનવાઈ જાય, એની શક્તિને ય મર્યાદા આવી જાય. પણ એ આપણે સ્વીકારી શકતાં જ નથી. આપણે સંતાનોને આપણા ચાવીવાળા રમકડાં સમજીએ છીએ, અને ક્યારેક તો એમની ઉપર માનસિક અત્યાચાર ગુજારીએ છીએ, એમનાં માનસિક તનાવનો આપણે કયારેય વિચાર કરીએ છીએ ખરાં ! ત્રીજા ધોરણમાં ભણતી અનન્યા પણ ટીચરને કહે કે 'બેન ! આ પરીક્ષામાં પૂછાવાનું છે ? તો જ અમને કહો'...આ શું સૂચવે છે ? ઈશ્વરે માણસમાત્રને આપેલી જીજ્ઞાસાવૃત્તિને ય આપણે તો મૂરઝાવી નાંખી છે પરીક્ષાનાં માર્કસ્ પાછળની ઘેલછાએ તો બાળકનાં ભણવામાંથી રસ ઉડાડી દીધો છે. ભાર વિનાના ભણતરની ગમે તેટલી વાતો કરીએ પણ પરીક્ષાનાં માર્કસ્નાં આ પ્રેશર નીચે પીસાતાં બાળકોનાં માનસિક ભારનું શું ? આજના શિક્ષણની આ કેટલી મોટી કમનસીબી છે ! બાળકના જીવનની નિર્દોષ મસ્તી જ છિનવાઈ ગઈ છે, મને તો એ બાળકનાં મોં જોઈને કરુણા ઉપજે છે. આ ઉંમરે તો એ ખિલતાં કિલ્લોલતાં ને પાંગરતાં હોય તેને બદલે જાણે સાવ નંખાઈ ગયેલા, થાકી ગયેલા નિરસ અને કંટાળેલા દેખાય છે, આપણે એમના બાળપણને બચાવવાનો અભિયાન હાથ ધરવો જ પડે, પરીક્ષાને ભૂલી જવી પડે, આખરે તો શિક્ષણ જ્ઞાન માટે છે. પરીક્ષા માટે નથી એ અનેકવાર હ્રદય સુધી સોંસરવું દરેક માબાપે ઉતારવું જ પડે.

ઊર્મિલા શાહ

**સ્થાપનાદિન :**

શ્રાવણ સુદ સાતમ તા.૨૮-૭-૦૯ના રોજ શાળાનો સ્થાપનાદિન ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવાયો. બાળકોએ વર્ગસુશોભન ખૂબ ઉત્સાહપૂર્વક કર્યું અને એની સ્પર્ધામાં નવા નવા વિચારો અને એમની આગવી કલાસૂઝ રજૂ કરી. ધી અમદાવાદ ટીમ્બર એસોસીએશનના સહકારથી વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ ઉજવાયો. મુખ્ય અતિથિ તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના હાલના પ્રમુખશ્રી **પાર્થિવભાઈ અધ્યારૂ** ઉપસ્થિત રહ્યાં. વર્ગસુશોભનમાં નિર્ણાયક તરીકે બાલમંદિરનાં **અલ્પાબેન** તથા **ક્ષમાબેને** સેવા આપી.

### સંસ્થાનું ગૌરવ

ભાઈ **ઋષિ ઘડાવાલા**ને 60th International Astronautical Congress & UN OOSA તરફથી 2009ના વર્ષનો Sir Isaac Newton Award માટે પસંદગી કરવામાં આવી છે. અભિનંદન.

શાળાનાં ધોરણ ૧૨ના વિદ્યાર્થી ચિ.**અચ્યુત પંચાલ** ૨૦૦૯માં લેવાયેલ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના એન્ટ્રન્સ એક્ઝામિનેશનના ૩૮૪૯૭૭ વિદ્યાર્થીઓમાંથી ૧૩૦૯મું સ્થાન પ્રાપ્ત કરી આઈ.આઈ.ટી.માં મુંબઈ - પવઈમાં એરોસ્પેસમાં પ્રવેશ મેળવી શકયાં છે. અભિનંદન.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૮-૬-૦૯ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું. વેકેશનમાં ખૂબ આનંદ કરી બાળકો હર્ષભેર પાછાં શાળામાં આવી ગયા. વેકેશનમાં શું કર્યું તેની રજૂઆત ખૂબ ઉત્સાહપૂર્વક ને રસપૂર્વક કરી અને જોતજોતામાં તો શાળાનું ક્રિડાંગણ બાળકોના ખિલખિલાટ હાસ્ય અને મીઠા કલરવથી ગાજી ઊઠયું.

બાલવાડીમાં નવા પ્રવેશ પામેલા બાળકો પણ ક્રિડાંગણના સાધનો અને બાલમંદિરના રળિયામણાં વાતાવરણમાં મુક્ત મને રમવા લાગ્યા અને ખૂબ જલ્દી ગોઠવાઈ ગયા.

ધીરે ધીરે એમને કમ્પ્યૂટરના માધ્યમ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન મળે તેવી શૈક્ષણિક રમતો અને પ્રવૃત્તિઓ અપાય છે.

તા.૨૭-૬-૦૯ને શનીવારે ગૌરીવ્રત નિમિત્તે નાની બાળાઓએ રંગબેરંગી ચણિયાચોળી પહેરી માથે જવારા મૂકી ગરબે ઘૂમવાની મઝા માણી.

ગુરુપૂર્ણિમા નિમિત્તે એકલવ્યનું દ્રષ્ટાંત આપી જીવનમાં ગુરુનું કેટલું મહત્વ હોય છે એ સમજાવ્યું.

ઋતુના પહેલા વરસાદની મઝા બાળકોએ શાળાનાં ક્રિડાંગણના પાણીમાં રંગબેરંગી હોડીઓ તરતી મૂકી ઝરમર વરસાદમાં રમીને માણી.

તા.૧૭-૭-૦૯ને શુક્રવારે 'મગર અને વાંદરો' વાર્તા પપેટ રૂપે બાળકોએ નિહાળી. વાંદરાભાઈ અને મગરભાઈને જાંબુ ખાતા જોઈ બાળકો આનંદમાં આવી ગયા.

**બાળગીતો અને અભિનય ગીતોની સી.ડી.**

બાલમંદિરમાં ગવાતાં બાળગીતો અને અભિનયગીતોની સી.ડી. ઉપલબ્ધ છે. બાલમંદિર તેમજ શારદામંદિરની મુખ્ય ઓફિસમાંથી તે મેળવી શકાશે. જેની કિંમત રૂ.૩૦/- છે.

## શિશુમંદિર

તા.૨૦-૬-૦૯નાં રોજ ધો.૫-૬-૭ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | આત્મિન શાહ |
| | (બહેનો) | હીના શુક્લ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | ઋષાંગ શાહ |
| | (બહેનો) | અનેરી પટેલ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | દ્વિજ જાની |
| | | ઉપનેતા | વર્ધન શાહ |
| | (બહેનો) | નેતા | રીચા ભટ્ટ |
| | | ઉપનેતા | શિલ્વી શાહ |
| **મેઘનાદ** | (ભાઈઓ) | નેતા | આકાશ શુક્લ |
| | | ઉપનેતા | હેત મિસ્ત્રી |
| | (બહેનો) | નેતા | જયતિ ત્રિવેદી |
| | | ઉપનેતા | મેઘા રાણપુરા |
| **રત્નદીપ** | (ભાઈઓ) | નેતા | પ્રાંશુ પંડયા |
| | | ઉપનેતા | લવ પટેલ |
| | (બહેનો) | નેતા | માનસી પરીખ |
| | | ઉપનેતા | કાંચી શાહ |
| **ગંગોત્રી** | (ભાઈઓ) | નેતા | ધ્યેય શાહ |
| | | ઉપનેતા | હેત શાહ |
| | (બહેનો) | નેતા | ધ્રુવી ઠક્કર |
| | | ઉપનેતા | ઋચા ઠાકર |

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**વકતૃત્વ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | રાજ શાહ | રત્નદીપ |
| દ્વિતીય | અનેરી પટેલ | ગંગોત્રી |
| તૃતીય | રૂષાલ પટેલ | ધવલગિરિ |

નિર્ણાયક તરીકે બાલમંદિરના આચાર્યશ્રી **જયશ્રીબેન દવેએ** સેવા આપી.

**મહેંદી સ્પર્ધા :** તા.૨૧-૭-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | માનસી પરીખ | રત્નદીપ |
| દ્વિતીય | હીના શુક્લ | રત્નદીપ |
| | શીલા કોન્ટ્રાકટર | રત્નદીપ |
| તૃતીય | હેત્વી દેસાઈ | ધવલગિરિ |
| | ગરિમા મહેતા | ધવલગિરિ |
| | હેત્વી ઝવેરી | મેઘનાદ |

રાખડી સ્પર્ધા : તા.૪-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | કલગી શાહ | ગંગોત્રી |
| દ્વિતીય | લવ પટેલ | રત્નદીપ |
| | કશીશ શાહ | રત્નદીપ |
| તૃતીય | ખ્યાતિ શાહ | રત્નદીપ |
| | પૂર્વા દવે | ધવલગિરિ |

## SHARDAMANDIR MODERN SCHOOL

તા.૧૭-૬-૦૯ના રોજ મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયાં છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | સાહિલ ઠક્કર |
| | (બહેનો) | રાધિકા ભગત |
| ઉપમંત્રી | (ભાઈઓ) | વરૂણ રાવલ |
| | (બહેનો) | મૌલિ સોની |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| **કદંબ** | (ભાઈઓ) | નેતા | કુશલ શાહ |
| | | ઉપનેતા | પ્રેરક રાજા |
| | (બહેનો) | નેતા | આયુષી કોઠારી |
| | | ઉપનેતા | વૃષ્ટિ ત્રિવેદી |
| **અમલતાસ** | (ભાઈઓ) | નેતા | રીતેષ જોષી |
| | | ઉપનેતા | યશેષ પુજારા |
| | (બહેનો) | નેતા | ખુશ્બુ દેસાઈ |
| | | ઉપનેતા | હેલી દલાલ |
| **પલાશ** | (ભાઈઓ) | નેતા | રોનીલ શાહ |
| | | ઉપનેતા | રૂચિર બુચ |
| | (બહેનો) | નેતા | શિવાંશી પંડયા |
| | | ઉપનેતા | કાંચી ઠક્કર |
| **પારિજાત** | (ભાઈઓ) | નેતા | વિશ્વેશ શાહ |
| | | ઉપનેતા | નીલ મોદી |
| | (બહેનો) | નેતા | સૃષ્ટિ શાહ |
| | | ઉપનેતા | અંજસિ શાહ |

**આંતરગૃહ સ્પર્ધા :**

**Keyboard Practice** તા.૩-૭-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | સાહિલ ઠક્કર | પલાશ |
| દ્વિતીય | રાધિકા ભગત | કદંબ |
| | અનુરાગ દલાલ | પલાશ |
| તૃતીય | ખુશ્બુ દેસાઈ | અમલતાસ |
| | મેહા શાહ | કદંબ |

**મહેંદી સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | શિવાની ઉપાધ્યાય | અમલતાસ |
| દ્વિતીય | ભાષા શાહ | અમલતાસ |
| તૃતીય | નતાશા શાહ | પારિજાત |
| | કિશન ભટ્ટ | પારિજાત |
| | શિવાની શાહ | પલાશ |

વકતૃત્વ સ્પર્ધા

| | | |
|---|---|---|
| પ્રથમ | મેહા શાહ | કદંબ |
| દ્વિતીય | અંજસિ શાહ | પારિજાત |
| | | પારિજાત |
| તૃતીય | મૌલિ સોની | પલાશ |
| | યશેશ પૂજારા | અમલતાસ |

## વિનયમંદિર

તા.૨૦-૬-૦૯નાં રોજ ધો.૮-૯-૧૦ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | હર્ષિલ પરીખ |
| | (બહેનો) | શિમોલી મહેતા |
| ઉપમંત્રી | (ભાઈઓ) | કરણ યાજ્ઞિક |
| | (બહેનો) | દિપશ્રી હેરમા |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| **મેઘદૂત** | (ભાઈઓ) | નેતા | નંદિશ દવે |
| | | ઉપનેતા | માનુષ પટેલ |
| | (બહેનો) | નેતા | શૈલી ભટ્ટ |
| | | ઉપનેતા | કક્ષા શાહ |
| **ગીતગોવિંદ** | (ભાઈઓ) | નેતા | મીત શાહ |
| | | ઉપનેતા | હર્ષાંગ શાહ |
| | (બહેનો) | નેતા | પૂર્વાંશી ઠક્કર |
| | | ઉપનેતા | શૈલી શાહ |
| **પદ્મપુકુર** | (ભાઈઓ) | નેતા | જય પટેલ |
| | | ઉપનેતા | સ્વપ્નિલ મકવાણા |
| | (બહેનો) | નેતા | રોશની મહેતા |
| | | ઉપનેતા | આયુષી પંડયા |
| **ચંદ્રમૌલિ** | (ભાઈઓ) | નેતા | અક્ષય દવે |
| | | ઉપનેતા | પંથિલ સુથાર |
| | (બહેનો) | નેતા | કૃતિ શાહ |
| | | ઉપનેતા | ખુશ્બુ ઠક્કર |

**બોર્ડના પરિણામ :**

માર્ચ ૨૦૦૯માં લેવાયેલ એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહનું શાળાનું પરિણામ ૯૫.૪૫ % આવ્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૮.૯૧% આવ્યું છે અને ન્યુ એસ.એસ.સી.નું શાળાનું પરિણામ ૯૮.૮૦% આવ્યું છે.

એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં **ટંકશાળી કિર્તન વિજયભાઈ** બોર્ડમાં ચોથા ક્રમે અને કેન્દ્રમાં ત્રીજા ક્રમે આવ્યા છે તે માટે તેમને અભિનંદન.

એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં **શુકલ નમ્રતા હેમંતકુમાર**બોર્ડમાં દસમા ક્રમે અને કેન્દ્રમાં ચોથા ક્રમે આવ્યાં છે તે માટે તેમને અભિનંદન.

**ઈનામો :** શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **શાહ ઈશિતા દિવ્યેશભાઈ**ને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫ મળે છે.

(૨) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **ટંકશાળી કિર્તન વિજયભાઈ**ને સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે રૂ.૧૨૫/- નું ઈનામ મળે છે.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **શુકલ નમ્રતા હેમંતકુમાર**ને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી.,એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહ અને એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતીબેન પટેલના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

(૧) ન્યુ એસ.એસ.સી. **શાહ ઈશિતા દિવ્યેશભાઈ**

(૨) એચ.એસ.સી. વિ.પ્ર. **વીરપરા હિમાની રમણીકલાલ**

(૩) એચ.એસ.સી. સા.પ્ર. **શુકલ નમ્રતા હેમંતકુમાર**

(૫) ન્યુ એસ.એસ.સી. શાળામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર **શાહ કેની ભાવિનકુમાર**ને ઈનામ રૂ.૧૨૫/- તથા દ્વિતીય આવનાર **ત્રિવેદી વિધિ મહેશભાઈ**ને રૂ.૧૦૧/- ના ઈનામો સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **શાહ ઈશિતા દિવ્યેશભાઈ**ને સ્વ.પ્રમોદાબેનહીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/- નું ઈનામ મળે છે.

(૭) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર **શાહ આયુષી.રાકેશભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/- નું ઈનામ મળે છે.

(૮) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમીનીસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **શાહ નિરાલી પરેશકુમાર**ને રૂ.૧૨૫/- તથા દ્વિતીય આવનાર **શુકલ નમ્રતા હેમંતકુમાર**ને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૯) એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહમાં ઈજનેરીના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **પંચાલ અચ્યુત યોગેશભાઈ**ને રૂ.૧૦૧/- તથા મેડીકલના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **ટંકશાળી કિર્તન વિજયભાઈ**ને રૂ.૧૦૧/- ના ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૧૦) એચ.એસ.સી.માં કમ્પ્યૂટર વિષયમાં બહેનોમાં પ્રથમ આવનાર ચિ.**ખુશાલી હિમાંશુભાઈ શાહ**ને સ્વ.પ્રિયલ ઉપાધ્યાયનાં સ્મરણાર્થે રૂ.૧૦૧/ નું ઈનામ મળે છે.

(૧૧) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે **રીતેશ જોષી**ને પ્રથમ ઈનામ રૂ.૧૨૫/- અને દ્વિતીય ઈનામ **લાગણી વ્યાસ**ને રૂ.૧૦૧/- મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

**એકલવ્ય સ્કોલરશીપ :** એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦ અને ૧૧નાં બંને પ્રવાહમાં બેનોમાં પ્રથમ આવનારને ઉપરોક્ત સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ એકલવ્ય સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ..

| | | |
|---|---|---|
| (૧) | કૃતિ શાહ | ધો.૮ |
| (૨) | અપર્ણા નવલખા | ધો.૯ |
| (૩) | ઈશીતા શાહ | ધો.૧૦ |
| (૪) | મૈથિલી મહેતા | ધો.૧૧ સા.પ્ર. |
| (૫) | હેમલ તલાટી,હેલી વસાણી | ધો.૧૧ વિ.પ્ર. |

**સૂચના :** આપના પાલ્ય માટે કયારેય શાળામાં મળવું હોય તો સોમવારથી શુક્રવાર બપોરે ૩ થી ૪ માં મુખ્ય ઓફિસમાં મળવું.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com